Seat No. : _______________

# JI-112

**January-2021**

**B.A., Sem.-III**

**CC-203 : Gujarati**

(મધ્યકાલીન ગુ.સા. નો ઈતિહાસ ભાગ-1)

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

વિભાગ-I માંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ઉત્તર આપો. **42**

## વિભાગ – I

1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના લક્ષણો જણાવો.

2. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને પ્રેરનારાં રાજકીય અને સાંસ્કૃતિક પરિબળો જણાવો.

3. પ્રાગ્-નરસિંહયુગના જૈન-જૈનેતર સાહિત્યનો વિગતે પરિચય કરાવો.

4. નરસિંહ મહેતાની સાહિત્યસેવાને વિગતે મૂલવો.

5. મીરાં એકલા ગુજરાત અને રાજસ્થાનની જ નહીં, ભારતવર્ષની પણ પ્રથમ સ્થાનની અધિકારી સ્ત્રી કવિ છે. આ વિધાનને મીરાંના સાહિત્ય સેવાના સંદર્ભે મૂલવો.

6. ભાલણના જીવન-કવનનો વિગતે પરિચય કરાવો.

7. ટૂંકનોંધ લખો :
   (1) 'ભરતેશ્વર બાહુબલિરાસ'
   (2) 'નેમિનાથફાગુ'

8. ટૂંકનોંધ લખો :
   (1) મધ્યકાળનું ગદ્યસાહિત્ય
   (2) ભોજાના ચાબખા

## વિભાગ – II

9. નીચે આપેલા વિકલ્પમાંથી જવાબ આપો : (કોઈપણ આઠ) **8**

   (1) આખ્યાન સ્વરૂપના બીજ સૌપ્રથમ કોની રચનામાં જોવા મળ્યાં ?
   (a) નરસિંહ (b) મીરાં (c) ભાલણ (d) પ્રેમાનંદ

(2) કવિ અજ્ઞાત રચિત કૃતિનું નામ આપો.
(a) ‘વસંતવિલાસ’ (b) ‘હંસાઉલિ’ (c) ‘કાન્હડદે પ્રબંધ’ (d) ‘રણમલ્લ છંદ’

(3) મધ્યકાલીન ગુજરાતી ભક્તિકવિતા મુખ્યત્વે કેટલી ધારામાં વહી છે ?
(a) એક (b) બે (c) ત્રણ (d) ચાર

(4) ‘હંસાઉલિ’ કૃતિનું સ્વરૂપ જણાવો.
(a) પદ (b) ભવાઈ (c) આખ્યાન (d) પદ્યવાર્તા

(5) નરસિંહનો પ્રિય છંદ જણાવો.
(a) પૃથ્વી (b) વસંતતિલકા (c) મનહર (d) ઝૂલણા

(6) સંસ્કૃત કવિ બાણ ભટ્ટની ‘કાદંબરી’નો ગુજરાતી અનુવાદ આપનાર સર્જકનું નામ આપો.
(a) નરસિંહ (b) મીરાં (c) ભાલણ (d) પ્રેમાનંદ

(7) ‘કાફી’નું સાહિત્ય સ્વરૂપ કયા કવિ સાથે જોડાયેલું છે ?
(a) ભાલણ (b) નાકર (c) ધીરો (d) ભોજો

(8) કવિ શ્રીધર રચિત કૃતિનું નામ આપો.
(a) ‘વસંતવિલાસ’ (b) ‘હંસાઉલિ’ (c) ‘કાન્હડદે પ્રબંધ’ (d) ‘રણમલ્લ છંદ’

(9) ‘કલિકાલ સર્વજ્ઞ’નું બિરૂદ કોને આપવામાં આવ્યું છે ?
(a) ભાલણ (b) શાલિભદ્રસૂરિ (c) હેમચંદ્રાચાર્ય (d) નરસિંહ

(10) ‘રામ રમકડું જડ્યું રે, રાણાજી, મને રામ રમકડું જડિયું.’ આ પદ કયા કવિનું છે ?
(a) નરસિંહ (b) મીરાં (c) ભાલણ (d) પ્રેમાનંદ

(11) આખ્યાનના પિતા તરીકે કોણ ઓળખાય છે ?
(a) ભાલણ (b) નાકર (c) પ્રેમાનંદ (d) ભોજો

(12) કોશાનું પાત્ર કઈ કૃતિમાં આવે છે ?
(a) ‘વસંતવિલાસ’ (b) ‘હંસાઉલિ’ (c) ‘કાન્હડદે પ્રબંધ’ (d) ‘સ્થૂલિભદ્ર ફાગુ’

(13) ભાલણ ક્યાંનો વતની હતો ?
(a) પાટણ (b) ઉંઝા (c) મહેસાણા (d) સિદ્ધપુર

(14) ‘ત્રિભુવનદીપક પ્રબંધ’ કૃતિના કર્તા જણાવો.
(a) રાજશેખરસૂરિ (b) જયશેખરસૂરિ (c) જયસિંહસૂરિ (d) વિનયસૂરિ

(15) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કેન્દ્રમાં શું છે ?
(a) પ્રકૃતિ (b) ધર્મ (c) પ્રણય (d) માનવ સમસ્યાઓ

(16) નરસિંહનો જન્મ ક્યાં થતો હતો ?
(a) જૂનાગઢ (b) તળાજા (c) ભાવનગર (d) દ્વારકા